અપીલ અરજી નં.૧૪૬ તા.૧૭–૮–૦૯/૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષયઃ**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૩–૭–૦૯ ની અરજીથી ( ૧ભેસ્તાન સીએનજીની સામે સુડાવાળા રોડ ઉપર વેલ્ડીંગ કેબીનોની સામે, ૨. ભેસ્તાન સિધ્ધાર્થનગર નહેરની બાજુમાં જીઆઈડીસી રોડ પર, ૩.પાંડેસરા પ્રેમનગરની સામે અને ઘનશ્યામનગરની બાજુમાં ત્રણેય બોરીંગો ધ્વારા ટેન્કરોમાં પાણી ભરી સપ્લાય કરવામાં આવે છે જેથી પાર્કીંગથી ટ્રાફીક, પાણીથી કીચડ અને બેફામ ડ્રાઈવીંગથી અકસ્માત થાય છે ત્રણેય બોરીંગની પરવાનગી આપવામાં આવી છે કે નહીં તેમજ માલિકના નામ સરનામાં વિગેરેની વિગતો તથા પરવાનગી આપવામાં આવી ન હોય તો તંત્ર ધ્વારા કોઈ પગલા કેમ ભરવામાં આવતા નથી તાત્કાલીક પગલા હાથ ધરશો અને માહિતી આપવા બાબત.

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૭–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૪૬/૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૩–૭–૦૯ ની અરજીથી ૧. ભેસ્તાન સીએનજીની સામે સુડાવાળા રોડ ઉપર વેલ્ડીંગ કેબીનોની સામે, ૨.ભેસ્તાન સિધ્ધાર્થનગર નહેરની બાજુમાં જીઆઈડીસી રોડ પર, ૩.પાંડેસરા પ્રેમનગરની સામે અને ઘનશ્યામનગરની બાજુમાં ત્રણેય બોરીંગો ધ્વારા ટેન્કરોમાં પાણી ભરી સપ્લાય કરવામાં આવે છે જેથી પાર્કીંગથી ટ્રાફીક, પાણીથી કીચડ અને બેફામ ડ્રાઈવીંગથી અકસ્માત થાય છે ત્રણેય બોરીંગની પરવાનગી આપવામાં આવી છે કે નહીં તેમજ માલિકના નામ સરનામાં વિગેરેની વિગતો તથા પરવાનગી આપવામાં આવી ન હોય તો તંત્ર ધ્વારા કોઈ પગલા કેમ ભરવામાં આવતા નથી તાત્કાલીક પગલા હાથ ધરશો અને માહિતી આપવા બાબતે સમય મર્યાદામાં કોઈ નિર્ણય મળ્યો નથી અને માહિતી મળેલ નથી તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૭ –૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૫૩ તા.૨૮–૮–૦૯ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતીઅધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઝોન/ટેક./આ.નં.૩૫૮૨ તા.૯–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ તથા અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./આ.નં.૩૦૩૦ તા.૧૩–૮–૦૯ ની નકલ અત્રે પૂરી પાડેલ છે.

અરજદારની તા.૧૩–૭–૦૯ ની અરજીથી ઉપરોકત મુદ્દા નં.૧ ત્રણેય બોરીંગોની પરવાનગી આપવામાં આવેલ છે નહી? જે બાબતે "ત્રણેય બોરીંગોની પરવાનગી આપવામાં આવેલ નથી બીપીએમસી એકટની જોગવાઈઓ હેઠળ સદર કામગીરી સુરત મહાનગરપાલિકાના કાર્યક્ષેત્ર હેઠળ આવતી નથી. તેમ છતાં પણ કાર્યવાહી હાથ ધરતાં સદર બાબતે ખાનગી બોરીંગવાળાઓ તરફથી નામદાર હાઈકોર્ટમાંથી સ્પે. સી. એપ્લી નં.૯૬૮૧/૯૯ થી પીટીશન દાખલ કરી મનાઈ હુકમ મેળવેલ છે. જેમાં પીટીશનરને પ્રાઈવેટ બોરીંગમાંથી પાણી લેતાં તેમજ ટ્રાન્પોટીંગ કરતાં ઓથોરોટીએ અટકાવવું નહીં તેવો ઓર્ડર કરેલ હતો." તેવી માહિતી આપવામાં આવેલ છે. મુદ્દા નં.૨ માલિકોના નામ અને ઘરના સરનામા બાબતે " માલિકોના નામ ઘરના સરનામાની વિગતો ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં તે મુજબના માલિકોનાનામ અને ઘરના સરનામાંની વિગતો ઉપલબ્ધ નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૩ પરવાનગી આપવામાં આવી ન હોય તો પગલા કેમ ભરવામાં આવતા નથી તે બાબતે " પાણીના ટેન્કરોની ગેરકાયદેસર હેરાફેરી બાબતે સામાન્ય સભાના ઠરાવ નં.૪૨૩/૨૦૦૧ તા.૨૭–૯–૦૧ થી જે ટેન્કરો ખામી યુકત હોય જેવા કે ટેન્કરના વાલ લીકેજ, પાણી બહાર પડતું હોય જે રસ્તાને નુકશાન પહોંચાડે છે તેવા ખામી યુકત ટેન્કરો ઉપર કાયદેસરની કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવેલ છે જેના આધારે ઝોનમાં ખામી યુકત ટેન્કરો પકડવાનું અભિયાન વખતોવખત હાથ ધરવામાં આવે છે તેમજ જરૂરી વહીવટી ખર્ચ પણ ટેન્કર માલિક પાસે વસુલ લેવામાં આવે છે. તેવી માહિતી અરજદારને પૂરી પડાયેલ છે. અરજદારે કોઈ જ નિર્ણય મળેલ નથી તેવું જણાવી તા.૧૭–૮–૦૯ ના રોજ અપીલ અરજી કરેલ છે. પરંતુ જાહેર માહિતી અધિકારી તરફથી તા.૧૩–૮–૦૯ ના રોજ અરજદારને માહિતી પૂરી પાડેલ જણાય છે. જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડેલ માહિતીનું વિશ્લેષણ કરતાં માલિકના નામ સરનામાં નથી તે બાબતે નામદાર હાઈકોર્ટની પીટીશન અને મનાઈ હુકમના નામ અને નોટીસ હુકમ બજવણી હેતુ પૂરતાં સરનામાની વિગત હોવાનું માનવાને કારણ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૩–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નહીં પૂરી પાડેલ નામ સરનામાંની વિગત ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિગતે ઉપલબ્ધ દફતર આધારિત માહિતી આરટીઆઈની કલમ–૨(એફ) અને ૨ (જે) સાથે કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે. તે સિવાયની માહિતી અંગે તકરારને સ્થાન ન હોઈ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

***નં.આરટીઆઈસેલ/***
***તારીખ : –૯ –૦૯***

***ડાયરેકટર ઓફ પ્લાનીંગ***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (ઉધનાઝોન) ..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ,